શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

# ટપુંક

વર્ષ : ૧૭
અંક : ૪

## ઋષિવેલી વર્કશોપ

ઋષિવેલી ૧૯૮૭માં પોતાનાં કેમ્પસ સિવાય નજીકનાં ગામોમાં સેટેલાઈટ શાળાઓનું એક નેટવર્ક તૈયાર કર્યુ. વિવિધ પ્રણાલી વાળો સમુદાય આધારીત મલ્ટીગ્રેડ—મલ્ટીલેવલ પાઠયક્રમ નક્કી કર્યો.

***ટપાલ પેટી :*** મેટ્રીક મેળા, બાળમેળા વગેરેમાં બાળકોને અન્ય શાળાનાં બાળકો સાથેના પરિચય થતા પત્રો દ્વારા સંપર્ક જળવાઈ રહે છે. પત્રો લાવવા લઈ જવાનું કામ શિક્ષકો કરે છે.

***બ્લેકબોર્ડ :*** બાળકનાં નામ સાથેનાં દિવાલ ઉપર અલગ—અલગ બ્લેકબોર્ડ હોઈ. વિદ્યાર્થીને કાંઈ પણ લખવુ હોય તે લખી શકે.

***વર્ગખંડ :*** (૧) શિક્ષક સંચાલીત (૨) આંશીક સંચાલીત (૩) સહપાઠી સંચાલીત (૪) સ્વતંત્ર સંચાલીત. અભ્યાસક્રમ પાઠય પુસ્તક કેન્દ્રિતનાં સ્થાને સમુદાય આધારિત અને રસપ્રેરક હોઈ. અહીં શિક્ષક માત્ર પથદર્શક, સર્જનકાર, મિત્ર હોય છે. શિક્ષક માટે અલગ બેઠક વ્યવસ્થા હોતી નથી.

***જીવન શિક્ષણ :*** બાળકનાં બોક્ષમાં તારીખ વાઈઝ પ્રિન્ટ કરેલ એક માહિતી પત્રિકા હોઈ. જેમાં સ્વયં બાળકે નોંધ કરવાની કેટલા વાગ્યે જાગ્યા ? દાતણ કર્યુ કે નહી ? સ્નાન કર્યુ કે નહી ? વગેરે

***મધર સ્ટોરી :*** બાળકે માતા પાસેથી સાંભળેલ એક વાર્તા લાવવાની. દરેક બાળકની વાર્તાઓનું સંકલન કરીને એક બુક બનાવવાની. જેને તેઓએ મધર સ્ટોરી નામ આપેલ છે.

***પપેટ શો :*** દરેક બાળકને પંચતંત્ર આધારિત વાર્તાઓ દ્વારા પપેટ શો ની તાલીમ આપવામાં આવે છે.

આમ, ઉપરોકત પ્રવૃતિઓ જોવાથી તે અનુકરણીય લાગે છે. આ સીવાય આ સંસ્થાની ઘણી પ્રવૃતિઓ ચાલે છે.

સંસ્થાનાં પ્રતિનિધિશ્રી માનુભાઈ ગોયલને ઉપરોકત પ્રવૃતિઓ નિહાળતા તથા સમજવા માટેનો મોકો મળ્યો. બાબરા તાલુકામાં ચાલતા લર્નીંગ એન્રીચમેન્ટ પ્રોગ્રામનાં ૧૦ વર્ગો ચાલે છે. તેનાં કો—ઓર્ડિનેટર તરીકે સેવા આપે છે. એઆઈએફની ટીમ, કલીન્ટન ફેલો તથા ગુજરાત સહિત વિવિધ રાજયનાં પ્રતિનિધીઓ સાથે ઉકત પ્રવૃતિઓના અનુસંધાને તા. ૧ થી ૫ એપ્રિલ દરમ્યાન ઋષિવેલી આંધ્રપ્રદેશ ખાતે કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળાથી પ્રતિભાગીઓને પોતાનાં કામની સરખામણી ઋષિવેલીનાં કાર્યો સાથે કરવા મળી.

**વિચાર અને વાણી થકી મનુષ્ય ઓળખાય છે.**

**આ મહિનામા**

તા. ૩૧ માર્ચ થી ૫ એપ્રિલ દરમ્યાન રીશીવેલી, રીવર અગસ્ત્ય ફાઉન્ડેશન, બેંગલુરુ ખાતે યોજાયેલ પ્રેરણા પ્રવાસ અને કાર્યશાળામાં સામેલ થયા.

આ વર્ષ દરમ્યાન સ્ટાફ ટીમ દ્વારા એક પ્રવાસનું આયોજન હતુ તે મુજબ ૫ તારીખે ગાંધીનગર આસપાસ જોવાલાયક સ્થળો તથા ધ્રાંગધ્રા ખાતે એક સ્પીનીંગ મીલની મુલાકાત લીધી હતી.

છેલ્લા બે માસ દરમ્યાન અવારનવાર પડતા કરા સાથેના વરસાદ તથા વાવાઝોડાને લઈ ખેડૂતોના શિયાળુ પાકને થયેલ નુકસાન બાબતે તેમજ ધારી તાલુકામાં કેરી પકવતા ખેડૂતો સાથે ગેપ દસ્તાવેજીકરણ માટે ચાલતી કાર્યવાહી દરમ્યાન તેમને ઉપજમાં થનાર નુકસાન બાબતે તેમજ આ માસમાં આંબામાં મધીયો આવી જતા તેના ઉપાયો યોજવા અસરગ્રસ્ત બગીચાઓમાં ફરી નિષ્ણાંતોએ માર્ગદર્શન આપ્યુ હતુ. ગેપ ડોકયુમેંટેશન કાર્ય પુર્ણ થયું. કેરીની ખરીદી તથા કલેકશન સેન્ટર બાબતે તા. ૨૪ ના રોજ ખેડૂતો સાથે એક બેઠક થઈ.

અવિરત કંપની મારફતે ફોરવર્ડ માર્કેટ સંબંધી કાર્યવાહી થઈ, સેઈફ હાર્વેસ્ટ સહિત ઘણી વ્યાપારી પેઢીઓ સાથે આ વિસ્તારના ખેડૂતોના પાકોના નમુના મોકલી તેને પોષણક્ષમ ભાવો મળી રહે તેવા પ્રયાસો રહયા હતા.ખેત ઉત્પાદનોની બજાર વ્યવસ્થામાં આ માસ દરમ્યાન સતત કાર્યવાહી ચાલી.

નાણાકીય વર્ષ પુર્ણ થતાં પ્રવૃતિઓના અહેવાલ તૈયાર કરવા તથા નાંણાકિય હિસાબો પુર્ણ કરી ચકાસવામાં આવ્યા.

ગત માસમાં જોડોજ્ઞાન દ્વારા તૈયાર વિવિધ મોડયુલ અને પધ્ધતિઓ થકી વર્ષ દરમ્યાન લર્નીગ એન્રીચમેંટના ૧૦ વર્ગો બાબરા તાલુકામાં ચાલ્યા હતા. આ કામ સાથે જોડાયેલ બે શિક્ષિકા બહેનોએ જોડોજ્ઞાન દ્વારા યોજાયેલ કાર્યશાળામાં ભાગ લઈ તેમણે તૈયાર કરેલ સાહિત્ય અને પધ્ધતિઓની ઉંડાણપુર્વકની સમજ માટે તાલીમ લીધી હતી. આ બંને બહેનોએ તેની વિગતો ટીમના અન્ય સભ્યોને આપી. આ માસ દરમ્યાન આ વર્ષ માટે લર્નીગ એન્રીચમેંટના વર્ગો માટેના સ્થળ તથા શિક્ષકોની પસંદગી બાબતે ચર્ચા કરી હતી.

ઉતમ કપાસની ખેતી પધ્ધતી સાથે સંકળાયેલી ટીમની ગત વર્ષમાં થયેલ કાર્યની અસર તપાસવામાં આવી. સંસ્થાના ડાયરેકટરે પણ ઘણાં ખેડૂતોની મુલાકાત લઈ જાણકારી મેળવી હતી. નીકળી આવેલા મુદાઓને ધ્યાનમાં રાખી ટીમ સાથે તા. ૨૫ ના રોજ એકદિવસીય તાલીમ કરી. જેમાં એપ્રિલ અને મે દરમ્યાન જમીન માવજત અંગે ખેડૂતો સાથે કરવાના વાર્તાલાપ, મીટીંગ તેમજ તાલીમો અંગે કાર્યકરોએ પોતાની ક્ષમતા ચકાસી ખૂટતી કડીઓ જોડવાનો આ તાલીમમાં પ્રયાસ કરવામાં આવ્યો હતો.

**રમુજ એક થેરપી**

**વકીલ (ચોરને) :** તને હું જેલમાંથી છોડાવુ તો તુ મને શું આપે ?

**ચોર :** બીજુ તો શું આપુ ? સાહેબ, માત્ર હું એટલું વચન આપી શકુ કે ભવિષ્યમાં તમારે ઘેર કયારેય ચોરી નહીં કરૂ.

***એકાંતમાં જાત સાથે વાતો કરવી એટલે પ્રાર્થના.***

**શિક્ષણ અને સમાજ**

આજનું શિક્ષણ મોંઘુ અને એક બીજાનાં વાદ વિવાદમાં પડેલું જરૂર છે. પણ જો આજનાં શિક્ષણને યોગ્ય દિશા આપવામાં આવે તો જરૂર શિક્ષણ સુધરે એમ છે. એમાં કોઈ બે મત નથી.

લોકો પર જે માનસિક અસર છે એ મોટો ભાગ ભજવે છે. લોકોમાં અશિક્ષિતતા અને યોગ્ય માર્ગદર્શનનો અભાવ છે. શિક્ષણ શું છે ? એની વિશે લોકો અજાણ છે. માત્ર બાળકને નિશાળમાં દાખલ કરવા એટલા પુરતુ જ મર્યાદિત એવુ મોટા ભાગનાં બાળકોનાં વાલીમાં આવી ગ્રંથી બંધાઈ જતી હોય છે.

બાળક શું કરે છે ? કેવુ ભણે છે ? કેટલુ નિતમિત છે ? કેટલું આવડે છે ? વગેરે પર વાલી અજાણ હોવાને લઈને આજે બાળકમાં વધારે અનિયમિતતા જોવા મળે છે. ઉપરાંત તેને શિક્ષણ કે સ્કુલ પ્રત્યે કે બીજા બાળકો પ્રત્યે લાગણી રહેતી નથી. આપસમાં પ્રેમ ઉદભવતો નથી કારણ શું છે ? કે અનિયમિતતા જ જવાબદાર છે.

બીજુ કે મોટાભાગે જોઈએ તો આજે સમાજમાં વાલી જાગૃતતા આવશે તો જ શિક્ષણમાં પુરે પુરી સફળતા મળશે. જ્યાં સુધી વાલીમાં જાગૃતતા નહી આવે ત્યાં સુધી સરકાર કે સમાજ ગમે એટલા પ્રયત્નો કરે તો પણ આપણે શિક્ષણ પ્રત્યે જોઈએ એટલો ફાયદો કે લાભ નહી મેળવી શકીયે.

જો આ બાબતે સમાજને જવાબદાર બનાવવો હોય તો સમાજ શિક્ષિત બને તે જરુરી છે. સમાજ જો શિક્ષિત હશે તો જ તે સમજી શકશે અને કંઈક કરી શકશે.

મોટા ભાગે બાળકોને વચ્ચેથી શિક્ષણ અધુરૂ મુકાવવુ અથવા ખેતી કે મજુરી કરાવવી કે પછી સ્થળાંતર કે પછી આમાં બીજા ઘણાં પરીબળો જવાબદાર હોય છે.

માત્ર જ્ઞાનની મોટી મોટી વાતો નહી પણ સમાજમાં શું શું ખુટે છે તેનાં તરફ ધ્યાન દોરવાની જરૂર છે. લોકોમાં જ્યાં સુધી યોગ્ય માર્ગદર્શન કે શિક્ષણ પ્રત્યે જાણકારી નહી હોય ત્યાં સુધી સમાજમાં કંઈ લાભ થવાનો નથી. માટે આપણે સાથે મળીને આપણા સમાજમાં બનતું બધુ જ કરીને અને "ઝાઝા હાથ રળિયામણા" એ કહેવતને સાર્થક કરીએ.

**– હંસરાજભાઈ પેથાણી**
**સભ્યશ્રી, શાળા વ્યવસ્થાપન સમિતી, ત્રંબોડા.**

**વિજ્ઞાનને લગતા સાધનો**

કિલનોમીટર: ઢાળ માપક સાધન
કાયોમીટર: અતિનિમ્ન તાપમાપક સાધન
ગેલ્વેનોમીટર: વીજ માપક સાધન
ગોનીયોમીટર: કોણ માપક સાધન
ગોસમીટર: ચુંબકત્વ માપક સાધન
ગ્રવિમીટર: ગુરુત્વ માપક સાધન
ડેન્સીમીટર: ઘનતા માપક સાધન
પિરહેલીયોમીટર: સુર્ય કિરણ માપક સાધન
પ્લુવિયોમીટર:વર્ષા માપક સાધન
પાયરોમીટર: ઉચ્ચતાપ માપક સાધન
પ્લેનિમીટર: સમતલ કુલ માપક સાધન
ઈન્ટરફેરોમીટર: પ્રકાશ તરંગ માપક સાધન
એટમોમીટર: બાષ્પ દર માપક સાધન
એકિટનોમીટર: કિરણ તીવ્રતા માપક સાધન
એનિમોમીટર: વાયુવેદ દિશા માપક સાધન
ઓડિયોમીટર: શ્રવણ શકિત માપક સાધન
કલરિમીટર: વર્ણ તીવ્રતા માપક સાધન
ઓલ્ટીમીટર: ઉન્નતા માપક સાધન
કેથેટોમીટર: દ્રવતલતા માપક સાધન
કેલરીમીટર: ઉષ્મા માપક સાધન
કોનોમીટર: કાલ માપક સાધન
પિકનોમીટર: પ્રવાહી લક્ષણ માપક સાધન

*સુંદરતા પામતા પહેલાં સુંદર બનવું પડે છે.*

## સ્લમ વિસ્તારના બાળકો

અંદાજે ૧૦ થી ૧૪ વર્ષની ત્રણ છોકરીઓ સાથે ગયા મહિને મુલાકાત થઈ. આ છોકરીઓ કચરા પેટીની આસપાસથી પ્લાસ્ટીક વિગરે એકત્ર કરી પોતાની પાસેના મોટા થેલામાં ઠાંસી ઠાંસીને ભરી રહી હતી. સંસ્થાના કાર્યકર મિત્રો આ બહેનો પાસે ગયા અને પુછયુ કે તમે શાળાએ જાવ છો કે કેમ ? એટલે ત્રણેય છોકરીઓએ ના પાડી. તેમના નિવાસ તથા પરિવાર વિષે થોડી વાત થઈ પણ વધુ જાણકારી મેળવવા તેમના નિવાસે તેમના પરિવારના સભ્યોને એકાદ અઠવાડીયા પછી મળવા આ કાર્યકરો પહોંચ્યા પણ તેઓને યોગ્ય પ્રતિભાવ ન મળ્યો. પંદર દિવસ પછી ફરી ગયા. પણ આગળ કયાં સુધી અને કયાં ભણ્યા છે તેની વિગતો પુરી આપવામાં ગમે તેમ સંમત થતા ન હતા. આ બાળકો



ભણે તે બાબતે તેઓ ઉદાસીન હતા. કાર્યકરોએ સંસ્થામાં ચર્ચા કરી તો તેમાં નીકળી આવ્યુ કે તેઓની પુરક આવક બંધ થાય તો પરિવાર ચલાવવામાં મુશ્કેલી નડે તેવી ચર્ચા તે ઝુપડા વાસીઓમાં થતી જોવા મળી હતી. રેલ્વેલાઈનના કિનારે વસેલી આ કોલોનીના લોકો સાથે મીટીંગ કરવી તેવું નક્કી થયું. આ મીટીંગ માટે સંસ્થાની લેમ્પ ટીમના સભ્યોએ તથા આ પ્રકારે બગસરા મુકામે અસ્થાયી ઝુપડાઓમાં વસી રહેલા પરિવારના બાળકોના અભ્યાસ માટે તેમની વસાહતો સાથે કાર્યરત શ્રી દેવચંદભાઈ સાવલીયાને બોલાવવા નક્કી થયુ. અગાઉથી આ કોલોનીના લોકો સાથે ચર્ચા કરી તા.૯/૪/૧૫ના રોજ નિર્ધારીત સમયે મળવા ગયા. પણ તેઓ કોઈ હાજર ન હતા જેથી તેઓને આ પ્રકારની બેઠક કે ચર્ચામાં રસ ન હોવાનું જણાયુ. શ્રી દેવચંદભાઈ સાવલીયાએ તથા સંસ્થાના

**બાળકોને ઘડવાનું કામ મહાન અને પવિત્ર છે.**

કાર્યકરોએ બાળકોને એકત્ર કર્યા. દેવચંદભાઈએ બાળકો સાથે રમતો શરૂ કરી, એકાદ કલાક પછી બાળકો થાકયા એટલે ગીતો અને વાર્તાઓ શરૂ કરી એટલામાં તો ખબર પડી અને આ સમયે હાજર હતા તેટલા વાલીઓ એકત્ર થયા હતા. તેઓ આ પ્રક્રિયામાં સામેલ થયા. તેમને પણ બાળકો અને સંસ્થાના કાર્યકરો સાથે બેસવાનું ગમ્યુ. એકત્ર તમામ છોકરા/છોકરીઓએ ભણવામાં રસ બતાવ્યો. કહયુ કે અમારે તો શાળાએ જવુ છે. આ ટીમની બાળકો સાથેની એક કલાકની પ્રવૃતિઓથી છેલ્લે બાળકોએ કહયુ કે કાલથી જ શાળા શરૂ કરો ભલે વેકેશન હોય અમે ભણવા આવીશુ. વાલીઓ કહે અહી શાળા શરૂ કરો. કોલોનીમાં જ ભણવાની વ્યવસ્થા થાય તો વાલીઓ બાળકોને ભણાવવા તૈયાર થશે. જરૂર લાગે તો જગ્યાની વ્યવસ્થા અમે કરી આપીશુ તેમ પણ જણાવ્યુ. આ અગાઉ એક બહેન



બાળકોને ભણાવવા આવતા હતા પછી તે બંધ થઈ ગયા. તો તમે પણ વાત કરો છો પછી બંધ તો નહી થઈ જાવને ? કાર્યકરોને થોડી આશા બંધાઈ કે સંવાદ થાય તો આગળ વધી શકાય. સંસ્થામાં મીટીંગ રાખો તો ત્યાં આવવા અમૂક વાલીઓએ સંમતિ દર્શાવી હતી. આવતા મહિનામાં આ વાલીઓની બેઠક કરી શકાય તેવુ આયોજન થયુ પણ આ પ્રકારની કેટલી વસાહતો એવી હશે કે જયાં બાળકો ખરેખર શાળાએ જતા ન હોય. આ બાબતે વ્યાપક ચર્ચા જરૂરી છે.

આપણાં પ્રયાસો હંમેશા દરેક બાળક શાળામાં હોય તેવા રહયા છે પરંતુ આર્થિક સ્થિતી અને જીવન નિર્વાહ સામે લડી રહેલા પરિવારના બાળકોના આ પ્રશ્નો છે. બને તેટલી ઝડપથી તેને મુખ્યધારામાં લાવી શકાય તે જરૂરી છે.

**આળસથી કટાઈ જવા કરતાં મહેનતથી ઘસાઈ જવું વધુ સારુ છે.**

## કુદરતી આફતો

ગત નાણાકીય વર્ષ લગભગ તમામ લોકોને કયાંક ને કયાંક કુદરતી કે માનવસર્જીત કટોકટીનો સામનો કરવો પડે તેવુ રહયું. ગત ચોમાસાની શરુઆત વરસાદના ખેંચાવાથી શરૂ થઈ. ખેડૂતોના જીવ તાળવે ચોંટયા. મોંઘા ભાવના બિયારણો ફરી ખરીદવા પડયા. જમીન માવજત અને પોતાના સમય મુલ્યને કોસતો ખેડૂત જેટલું પણ ઉત્પાદન લઈ શકાય તે માટે મથતો રહયો. પરંતુ તેમની સાથે કદાચ સંતુલન સાધી શકાય તેવી સ્થિતી પેદા થઈ શકી નહી.

દર વર્ષે મગફળીનું ઉત્પાદન ઓછુ આવવાના કારણે અને બજારભાવ નહી મળવાના કારણે આ વખતે વાવેતર પણ ઓછુ થયુ હતુ. તેમાં પણ વાતાવરણે અસર કરી ઉત્પાદન ખૂબજ ઓછુ થયુ. માથે થી બજારભાવો એટલા નીચા હતા કે ખેડૂત એ મગફળી વેચે તો માત્ર મજુરી ખર્ચ ઉભો થાય તેવી સ્થિતી. બીજા થયેલ ખર્ચની ચિંતામાં ખેડૂતને એમ થાય કે આપણે શા માટે ખેતી કરીએ છીએ ? અન્ય વ્યવસાય શા માટે ન કરવા ?

જાફરાબાદ અને ઉના તાલુકાના કપાસ ઉગાડનારા ખેડૂતોને આ વખતે ખૂબજ નજીકથી જોવાનો મોકો મળ્યો. ખેડૂતોના અગાઉના અનુભવો કપાસ માટે ખૂબ સારા હતા કારણે કે બાયો ટેકનોલોજી આધારિત બિયારણોમાં રોગપ્રતિકારક શકિત હોવાના કારણે ઉત્પાદન વધ્યુ અને બજારમાં તેના ઉંચા ભાવો મળવાના શરૂ થયા ખેડૂતને ખેતી કરવાનો ઉત્સાહ વધવાનું શરૂ થયુ લાગ્યુ કે ખેતી વ્યવસાયમાં મહેનતના પ્રમાણમાં વળતર મળી શકે છે. પણ આ બાબતે છેલ્લા ત્રણ વર્ષથી ખેડૂત ફરી હતોત્સાહ થયો કારણ કે જનીનીક ફેરફારો વાળા આ બિયારણો શરુઆતમાં લાભ આપે છે પણ સમય જતા એ સમજાયું કે જીવાત અને રોગ નિયંત્રણનુ ચક્ર જે કુદરતી છે તે સાચુ છે. ગત ચોમાસાનો અપૂરતો વરસાદ, પિયતની સૂવિધાનો અભાવ ની સાથે સાથે જીવાત અને રોગનું આક્રમણ અને તેની સામે ઝઝુમીને જેટલું પણ થઈ શકે તેટલા લીધેલા ઉત્પાદનના ભાવો ન મળે ત્યારે ખેડૂત શું કરે ? તેના પારિવારિક, સામાજીક જીવનને કેવડી મોટી અસર થાય તે સંવેદના પણ ખેતઉત્પાદનોના અન્ય હિતધારકોમાં જોવા મળતી નથી. આ ખેડૂત તેના પરિવારના સભ્યોની માંદગી, વ્યવહારિક પ્રસંગો કે બાળકોના શિક્ષણને ન્યાય આપી શકતો નથી.

હવે જોઈએ આ વખતની રવિ સીઝન. તેમાં પુરા ભારતમાં જયાં ખેડૂતો ઘઉનુ વાવેતર કરે છે તે તમામ ખેડૂતોને કુદરતે એવી થપાટ મારી કે જયાં ઘઉનો પાક લઈ બજારમાં વેચવાની ઘડીઓ ગણાતી હતી એવા સમયે વાવાઝોડુ અને કરા સાથેના વરસાદે આ પાકને જબરુ નુકસાન કર્યુ. આ જ પ્રમાણે અન્ય ખેતઉત્પાદનો જેમાં વધુ વવાતા હોય તેવા જીરુ, ડુંગળી વિગેરેની સ્થિતી પણ તે જ થઈ, સરવાળે આપણે જોઈએ છીએ કે

ખેડૂતોનો આત્મહત્યાનો દોર શરુ થયો. પ્રશ્ન એ થાય કે આપણી સંવેદનાઓ કયાં ગઈ ? આ માટે આપણે કોઈને દોષિત ગણીએ તે પણ બરાબર નથી. છેલ્લા વર્ષોમાં ઉપરોકત તમામ બાબતોમાં ખૂબ સંવાદ થયા છે. નવી ટેકનોલોજી આવી છે ખેડૂતોએ અપનાવી પણ છે. છતાં સ્થિતીમાં કોઈ ફરક નથી. પૌરાણિક ખેતી પધ્ધતિમાં આટલી બધી સમસ્યાઓ ન હતી તેમ આપણો ઈતિહાસ કહે છે તે વખતમાં ખેડૂતો આત્મહત્યા કરતા હોય તેવુ કોઈ ઈતિહાસકારે નોંધ્યુ હોય તેવુ ધ્યાન પર નથી. તો શું આપણે જેટલા આગળ વધી રહયા છીએ એટલા વધુ દુઃખી થઈ રહયા છીએ ?

આ વર્ષમાં એક વાત એ જોવા મળી કે ખુબ જ ઓછા ઝેરી રાસાયણિક જંતુનાશકો તથા રાસાયણિક ખાતરના વપરાશ સાથે ધારી તાલુકાના ગીર વિસ્તારને લાગીને આવેલા ગામોના ખેડૂતો પરંપરાગત ખેતી પણ કરી રહયા છે. દેશી બિયારણોની જાતો કોઈક કોઈક ખેડૂતોએ સાચવી છે અને તે વાવે પણ છે. પરંતુ આ બધી બાબતોથી તેમની આર્થિક સ્થિતી સુધરી છે તેવા કોઈ પ્રમાણ મળતા નથી. તેઓ આનંદથી જીવી રહયા હોય તેવુ તેની વાત પરથી લાગે પણ બીજી પેઢીને ખેતી કરવા માટે પ્રોત્સાહન મળતુ હોય તેવું પણ ખાસ દેખાતુ નથી.

આ તમામ પરિસ્થિતીઓમાં માત્ર ખેડૂત પરિવારને જ નહી એ ઉપરાંત તમામ પરિવારોના સામાન્ય જીવનને અસર પહોંચે છે.

ખેડુતો સાથેના સંવાદોથી એક વાત નીકળી આવે છે કે તે પોતાના વ્યાપારી સંગઠનો રચે તેવો ખેતી માટે જરૂરી તમામ દવા બિયારણો ખેડૂતોની જરુર મુજબ ખરીદે તો તેની ગુણવતા અને ભાવોની બાબતમાં મુશ્કેલી ઓછી થાય. યાંત્રિક સાધનો વસાવી તેનો ઉપયોગ સસ્તા ભાડાથી ખેડૂતોને સેવા પુરી પાડવામાં ઉપયોગી થાય અને ખેતઉત્પાદનોની બજાર વ્યવસ્થા ગોઠવે. વાતો કરવામાં ખૂબજ સરળ લાગતી આ બાબત માટે અગાઉના અનુભવો પણ ધ્યાનમાં લેવા જરુરી છે. વર્ષો પહેલા આ સંકલ્પના હેઠળ સહકારી સંગઠનો બન્યા, સરકાર કક્ષાએથી પણ ઘણો સહયોગ તેને મળવા છતાં આજે એટલા અસરકારક રહયા નથી તેમ પણ ખેડૂતોની વાતો પરથી લાગે છે જેથી આ નવી વિકસતી પધ્ધતિઓમાં કેટલી કાળજી લેવાની થાય તે બાબતો પણ ધ્યાનમાં લેવાની થાય.

કુદરતી અને માનવસર્જીત જે કંઈ આફતો આવે તેનો અસરકારક સામનો કરવા પરંપરાગત જ્ઞાન અને હવેની નવી ટેકનોલોજી ખૂબજ ઉપયોગી થઈ રહી છે. પરંતુ છેલ્લા એક અડવાડીયાથી ભુકંપના આંચકાઓએ આપણને હલાવી દીધા. ભારત પ્રદેશનો અમુક ભાગ તથા સમગ્ર નેપાળને ભરડો લેતા આ ભુકંપે પારાવાર નુકસાન કર્યુ. જાનમાલનુ નિકંદન નીકળી ગયું. ભુકંપગ્રસ્ત વિસ્તારોમાં તથા પોતાના પ્રશ્નોમાં ઝઝુમતા આપણાં ખેડૂતોએ જાન ગુમાવ્યા છે તે તમામને હદય પુર્વકની શ્રધ્ધાંજલી સહ ...

**આજની માહેનત આવતી કાલનું પરીણામ.**

## જન્મ દિવસની શુભકામનાઓ

| | | |
|---|---|---|
| ૧. | ચંદુભાઈ રૈયાણી | 01.05.1972 |
| ૨. | હેતલ જોષી | 01.05.1980 |
| ૩. | પરેશ ઠાકર | 01.05.1975 |
| ૪. | સંગીતા ગેરૈયા | 02.05.1995 |
| ૫. | મીરલ સોલંકી | 03.05.1991 |
| ૬. | શારદા રાઠોડ | 03.05.1988 |
| ૭. | જલ્પા ઠેસીયા | 05.05.1983 |
| ૮. | સોનલ પાઠક | 09.05.1978 |
| ૯. | રતીલાલ સોંદરવા | 14.05.1973 |
| ૧૦. | રીકુ પટેલ | 16.05.1989 |
| ૧૧. | કવિતા ગામિત | 17.05.1985 |
| ૧૨. | ગોપાલ ચુડાસમા | 26.05.1980 |
| ૧૩. | હેમલતા ગાવિત | 26.05.1989 |
| ૧૪. | સુરેખા મહેતા | 26.05.1976 |
| ૧૫. | કેતન આહીર | 29.05.1987 |
| ૧૬. | સુરેન્દ્રનાથ નાયક | 29.05.1964 |

**પ્રિય વાચક મિત્રો,**

ટપક માટે આપ સહયોગ રાશિ મોકલી શકો છો. ટપકને મોકલવામાં આવનાર આ રકમ ચેક અથવા ડ્રાફ્ટથી શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રના નામે મોકલવા વિનંતી છે. આપની આસપાસ બનતા બનાવો કે જે બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. તેથી અન્ય લોકો તે વિશે માહિતગાર થશે.

**– ટપક ટીમ**

**માહિતી અધિકાર હેલ્પલાઈન : ૯૯૨૪૦૮૫૦૦૦**

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. Amreli/091/2015-17**
**Valid Upto 31/12/2017**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

Book -Post, Printed Matter

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**ઉતમ પુસ્તકોએ આપણા ઉતમ મિત્રો છે.**